# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત-૩૯૫૦૦૧

:-૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web:-www.suratdeo.org


ક્રમાંક: મા-૨/૨૦૨૬/157 તા.20/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ

**વિષય:** શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬ દરમ્યાન અંબાજી ખાતે શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા બાબત

**સંદર્ભ:** શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ ના પત્ર નં.અમ/વહટ/૫૧ શક્તિપીઠ મહોત્સવ -૨૦૨૬/આમંત્રણ/વશી.૩૦૭૧ થી ૩૦૩૭/૨૫ તા.૧૬/૧૨/૨૦૨૫

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બર મુકામે શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬ મહા સુદ-૧૨(બારસ) થી મહા સુદ-૧૪ (ચૌદસ) (તા.૩૦/૦૧/૨૦૨૬ થી તા.૦૧/૦૨/૨૦૨૬) સુધી યોજાનાર છે. યાત્રાધામ અંબાજી ખાતે મુખ્ય શ્રી અંબાજી માતા મંદિર અને ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ ઉપરાંત યાત્રાધામ અંબાજી ખાતે કોટેશ્વર ખાતે આવેલ કોટેશ્વર મહાદેવ મંદિર, પૌરાણિક કુંભેશ્વર મહાદેવ મંદિર, માન સરોવર કુંડ, કૈલાશ ટેકરી ખાતે આવેલ મહાદેવ મંદિર, માંગલ્ય વન, રીંછડીયા મહાદેવ મંદિર, શ્રી અજયમાતા મંદિર, કુંભારિયા જૈન દેરાસર, કામાક્ષી મંદિર, સોમેશ્વર મહાદેવ, શ્રી વાલ્મીકી આશ્રમ વગેરે જેવા જોવાલાયક સ્થળો આવેલા છે. જે આ મહોત્સવ દરમ્યાન એક દિવસીય પ્રવાસ દ્વારા વિદ્યાથીઓ ઉક્ત તમામ પ્રવાસન સ્થળોનો લાભ લઇ શકશે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વિદ્યાર્થીઓ માટે ભોજનની નિ:શુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો આપની કક્ષાએથી એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા જાણ તથા અમલ સારુ.વધુમાં, આ બાબતે વધુ જાણકારી માટે દેવસ્થાન ટ્રસ્ટમાં ફરજ બજાવતા શ્રી સતીષદાન પી.ગઢવી, ઇન્ચા.નિરીક્ષકશ્રી, ૫૧ શક્તિપીઠ ગબ્બર કાર્યાલય(૯૪૨૭૫૩૫૮૨૬, ૦૨૭૪૯-૨૬૨૦૬૬)નો સંપર્ક કરવો.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

JAY SHREE AMBE
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ
SHREE ARASURI AMBAJI MATA DEVSTHAN TRUST
પો.અંબાજી, તા.દાંતા, જી.બનાસકાંઠા (ગુજરાત)
ફોન નં.:૦૨૭૪૯-૨૬૨૧૩૬, ૨૬૨૨૩૬,ફેક્સ નં. ૨૬૪૫૩૬,
E-mail : ambajitempletrust@gmail.com
Website : www.ambajitemple.in

વહીવટદાર અને અધિક કલેક્ટર
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ

Administrator and Additional Collector
Shree Arasuri Ambaji Mata Devsthan Trust, Ambaji

નં.અમ/વહટ/૫૧ શકિતપીઠ મહોત્સવ-૨૦૨૬/આમંત્રણ/વશી.૩૦૦૧ થી ૩૦૩૭/૨૫

તા.૧૬/૧૨/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
સુરત

**વિષય :-** **શ્રી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬ દરમ્યાન અંબાજી ખાતે આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા બાબત.**
**તા.૩૦/૦૧/૨૦૨૬ થી તા.૦૧/૦૨/૨૦૨૬**

**જય અંબે...**

ઉપરોકત વિષયે જય અંબેસહ જણાવવાનું કે, યાત્રાધામ અંબાજી ખાતે અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલ પવિત્ર ગબ્બર પર્વતની પરિક્રમામાં વિશ્વભરમાં આવેલ ૫૧ શકિતપીઠ જેવા મંદિરોનું નિર્માણ તત્કાલિન માન.મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી નિર્માણ કરવામાં આવેલ છે. જે સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે ગબ્બર મુકામે શ્રી ૫૧ શકિતપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬ મહા સુદ-૧૨(બારસ) થી મહા સુદ – ૧૪(ચૌદસ) (તા.૩૦/૦૧/૨૦૨૬ થી તા.૦૧/૦૨/૨૦૨૬) સુધી યોજાનાર છે. તેના પાટોત્સવ નિમિત્તે એક જ જન્મમાં એક જ સ્થળે ૫૧ શકિતપીઠના દર્શન કરી શકે એ માટે આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર) શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લઈ જોડાઈ શકે તે માટે આમંત્રણ પાઠવવામાં આવે છે.

યાત્રાધામ અંબાજી ખાતે મુખ્ય શ્રી અંબાજી માતા મંદિર અને ૫૧ શકિતપીઠ પરિક્રમા માર્ગ ઉપરાંત યાત્રાધામ અંબાજી ખાતે કોટેશ્વર ખાતે આવેલ શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર કે જયાં સરસ્વતી નદીનું ઉદ્ભવ સ્થાન છે, પૌરાણિક કુંભેશ્વર મહાદેવ મંદિર, માન સરોવર કુંડ, કૈલાશ ટેકરી ખાતે આવેલ મહાદેવ મંદિર, ગુજરાત સરકાર દ્વારા નિર્મિત કૈલાશ ટેકરી પર પથરાયેલ અલગ અલગ વૃક્ષો અને છોડના બગીચાથી સુશોભતિ માંગલ્યવન, રીંછડીયા મહાદેવ મંદિર, શ્રી અજયમાતા મંદિર, કુંભારીયા જૈન દેરાસર, કામાક્ષી મંદિર, સોમેશ્વર મહાદેવ, શ્રી વાલ્મિકી આશ્રમ વિગેરે જેવા જોવાલાયક ધાર્મિક તેમજ પ્રવાસન સ્થળો આવેલા છે. જે આ મહોત્સવ દરમ્યાન એક દિવસીય પ્રવાસ દ્વારા વિદ્યાર્થીઓ ઉકત તમામ આપણા પ્રવાસન સ્થળોનો લાભ લઇ શકે છે. શ્રી આરાસુરી અંબાજી

જનરલ
૧૦૫
૦૧/૦૧/૨૬
૦૧/૦૧/૨૫
૧/૧/૨૬

માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી દ્વારા વિદ્યાર્થીઓ માટે ભોજનની નિ:શુલ્ક વ્યવસ્થા કરવામાં આવેલ છે. તો આપની કક્ષાએથી આપના જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર)ના આચાર્યશ્રીઓને એક દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવાની જાણ કરવા તેમજ આમંત્રણ પાઠવવા વિનંતી છે.

વધુમાં, આ બાબતે વધુ જાણકારી માટે દેવસ્થાન ટ્રસ્ટમાં ફરજ બજાવતા શ્રી સતીષદાન પી.ગઢવી, ઇન્ચા.નિરીક્ષકશ્રી, ૫૧ શક્તિપીઠ ગબ્બર કાર્યાલય(૯૪૨૭૫૩૫૮૨૬, ૦૨૭૪૯-૨૬૨૦૬૬)નો સંપર્ક કરવા વિનંતી છે.

વહીવટદાર અને અધિક કલેક્ટર
શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ,
અંબાજી

**નકલ સવિનય રવાના :-**

(૧) સચિવશ્રી, પ્રવાસન, બ્લોક નં.૫/૩, સરદાર પટેલ ભવન,નવા સચિવાલય, ગાંધીનગર તરફ...

૨/- આપ સાહેબની કક્ષાએથી શિક્ષણ વિભાગ, કમિશ્નરશ્રીની શાળાઓને શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવા જણાવવા શિક્ષણ વિભાગ સાથે જરૂરી પરામર્શ કરવા વિનંતીસહ.

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગુજરાત રાજય, ગાંધીનગર-૩૮૨૦૨૧ તરફ..

૨/- જાણ તથા ઉકત બાબતે જરૂરી સૂચનાઓ આપવા વિનંતીસહ.

(૩) અધ્યક્ષ, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી અને કલેકટર સા.શ્રી બ.કાં. પાલનપુર તરફ...

૨/- જાણ તથા વિદિત થવા વિનંતી.